| | | | | | |
|---|---|---|---|---|---|
| * | सत्य मेव जयते | પ્રાપ્તિ તારીખ | ૧૬/૦૭/૨૦૧૪ | | |
| | | દાખલ તારીખ | ૧૬/૦૭/૨૦૧૪ | | |
| | | ફેંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૦૨ | ૦૮ | ૧૧ |

**ફોજદારી કેસ નં.૬૯૩૬/૨૦૧૪**

| | |
|---|---|
| આંક | |

## ફોર્મ–એ

ત્રીજા અધીક સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં
ગાંધીનગર.
ફોજદારી કેસ નંબર–૬૯૩૬/૨૦૧૪
હુકમ તારીખ–૧૮/૦૩/૨૦૨૬
(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૧૩૪/૨૦૧૪/અડાલજ પોલીસ સ્ટેશન )

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચીરાગભાઈ પી. દવે |
| આરોપી | ૧) કનુભાઈ અમથાભાઈ સલાટ<br>૨) શૈલેષભાઈ કનુભાઈ સલાટ<br>૩) વિષ્ણુભાઈ કાન્તીભાઈ સલાટ<br>૪) રમેશભાઈ ચંદુભાઈ સલાટ<br>રહે.નં.૩,૪ નંદાસણ માથાસુર<br>ચોકડી તા.કડી જી.મહેસાણા |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી | એમ.એ.ચાવડા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૮/૦૪/૨૦૧૪ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૧૮/૦૪/૨૦૧૪ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૪/૦૭/૨૦૧૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૦૪/૦૪/૨૦૧૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૦૪/૦૨/૨૦૨૦ |
| હુકમ પર લીધા તારીખ | તા.૧૦/૦૩/૨૦૨૬ |
| હુકમની તારીખ | તા.૧૮/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | તા. |

<u>આરોપીની વિગતો</u>

| **આરોપી નો ક્રમ** | **આરોપી નું નામ** | **ધરપકડ તારીખ** | **જામીન મુક્ત થયા તારીખ** | **આક્ષેપિત ગુનાની વિગત** | **નિર્દોષ કે તકસીરવાર** | **સજાની વિગત** | **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના કામેજેલમાં રહયા અંગેની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| ૧)<br><br><br>૨)<br><br><br>૩)<br><br><br>૪) | કનુભાઈ અમથાભાઈ સલાટ<br>શૈલેષભાઈ કનુભાઈ સલાટ<br>વિષ્ણુભાઈ કાન્તીભાઈ સલાટ<br>રમેશભાઈ ચદુભાઈ સલાટ | તા.૨૧ /૦૪/ ૨૦૧૪ | તા.૨૧ /૦૪/ ૨૦૧૪ | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ જી.પી. એકટ કલમ–૧૩૫ | નિર્દોષ | ––– | –– |

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૧૦ | ભીખાભાઈ મંગળદાસ વ્યાસની જુબાની | મૌખિક |
| ૨ | ૧૩ | લસીબેન વા/ઓ છનાભાઈ દેસાઈની જુબાની | મૌખિક |
| ૩ | ૧૭ | ટીનાબેન વા/ઓ દલસુખભાઈ ચનાભાઈ વ્યાસની જુબાની | મૌખિક |

| ફરીયાદપક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત | | |
|---|---|---|
| **એ.ફરીયાદપક્ષ** | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૧૪ | અંતિમ સંસ્કાર કર્યાની પહોંચ |
| ૩ | ૧૨ | સમાધાન પુરસીશ |
| ૪ | ૧૫ | આધારકાર્ડની નકલ |
| ૫ | ૧૬ | ફરીયાદ |
| ૬ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૭ | ૨૩ | કલોઝીગ પુરશીશ |

## // **<u>ચુકાદો</u>** //

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૧૮/૦૪/૨૦૧૪ કલાક ૨૦/૦૦ અને મોજે શેરથા ટોલટેક્ષ રોડ ઉપર ફરીયાદીની ગાડી ધીમી પડતાં આરોપીઓ તેઓની ગાડીથી ઓવરટેક કરી ફરીયાદીને કહેવા લાગેલ કે મારી ભાણી તુ કરીયાવર ઓરવા અમોને કેમ મોડુ કરાવડાવેલ તેમ કહી ફરીયાદીને ગાળો બોલી આરોપી નં.૨ નાએ તેના હાથમાં ની લાકડી માથાના ભાગે મારેલ તથાઆરોપી નં.૪નાએ ફરીયાદીને શરીરે લાકડીથી માર મારેલ અને આરોપી નં.૧ નાએ પણ ગડદાપાટુનો માર મારેલ અને ચારેય આરોપી જતાં જતાં કહેલ કે અમારી ભાણીના લગ્ન કેવી રીતે કરાવો છો? હું

જોઈ લઈશ તેમ કહી લગ્ન કરાવશો તો તમોને તથા તમારા કુટુંબનાઓને જાનથી મારી નાખવાની જાસા ધમકી આપી ગાડી લઈ જતાં રહેલ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે.એસ.ડી.એમ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે. આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતાં અડાલજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફર્સ્ટ ૧૩૪/૨૦૧૪થી નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. ની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–</u>**

આ કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ આંક–૦૬ થી આંક–૦૯ સુધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

૨.૧ **<u>પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –</u>**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન</u>**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મોખીક રજુઆત કરતા આ કામે ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ હોય, આ કામે આરોપી પક્ષનુ વીશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો ના હોય

આરોપીઓના વીશેષ નીવેદન આ કામે લેવામા આવેલ નથી.

૩. **<u>ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ</u>**

બંને પક્ષોની આ કામે દલીલો સાંભળવામા આવી.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નિર્ણય અંગેના મુદદા</u>**ઃ–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૮/૦૪/૨૦૧૪ કલાક ૨૦/૦૦ અને મોજે શેરથા ટોલટેક્ષ રોડ ઉપર ફરીયાદીની ગાડી ધીમી પડતાં આરોપીઓ તેઓની ગાડીથી ઓવરટેક કરી ફરીયાદીને કહેવા લાગેલ કે મારી ભાણી તુ કરીયાવર ઓરવા અમોને કેમ મોડુ કરાવડાવેલ તેમ કહી ફરીયાદીને ગાળો બોલી આરોપી નં.ર નાએ તેના હાથમાં ની લાકડી માથાના ભાગે મારેલ તથા આરોપીનં.૪નાએ ફરીયાદીને શરીરે લાકડીથી માર મારેલ અને આરોપી નં.૧ નાએ પણ ગડદાપાટુનો માર મારેલ અને ચારેય આરોપી જતાં જતાં કહેલ કે અમારી ભાણીના લગ્ન કેવી રીતે કરાવો છો? હું જોઈ લઈશ તેમ કહી લગ્ન કરાવશો તો તમોને તથા તમારા કુટુંબનાઓને જાનથી મારી નાખવાની જાસા ધમકી આપી ગાડી લઈ જતાં રહેલ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે.એસ.ડી.એમ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ,ઈ.પી.કો. ની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ જી.પી.એકટ કલમ–૧ ૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૪.૧ ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારમાં.

મુદ્દા નંબર– ૨ઃ– આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

## :: નિર્ણયો અંગેના કારણો ::

**મુદ્દા નંબર– ૧ :–**

૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૦ થી પંચ તરીકે ભીખાભાઈ મંગળદાસ વ્યાસનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, આશરે પાંચ વર્ષ પહેલા અડાલજ હાઈવે રોડ ઉપર ઉભા હતા ત્યારે પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી જે સહી તેઓ ઓળખી બતાવે છે જે રજુ દા.આંક–૧૮ આપવામાં આવે છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરં તુ સાહેદે પુછાયેલ તમામ વિગતો ની ઇન્કારી કરતા જણાવેલ છે કે, "તા.૧૯/૪/૧૪ ના રોજ પોલીસે શેરથા ટોલટેક્ષથી અડાલજ તરફ જતા હાઈવે રોડ ઉપર મારામારીના ગુનામાં બનાવવાળી જગ્યાના પંચ તરીકે રહેવા સમજ કરેલી તથા ફરીયાદીએ હાજર રહી ગુનાવાળી જગ્યા બતાવેલ તે જગ્યા શેરથા ટોલટેક્ષ સર્વિસ રોડ ઉપર આવેલ હતી.તેઓની હાજરીમાં પંચનામું કરેલ હોવા છતાં ખોટી જુબાની

આપેલ છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,તેઓની હાજરીમાં કોઈ પંચનામાની કાર્યવાહી કરેલ નથી.

૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૩ થી સાહેદ તરીકે લસીબેન છનાભાઈ વાસફોડીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે,આજથી આશરે ૧૩ વર્ષ અગાઉ ૨૦૧૪માં તેઓના દિકરા દલસુખભાઈની દિકરી કિરણબેનના લગ્ન કરવાના હોય તેઓ તથા તેઓના કુટુંબના માણસો તેમા તેઓ તથા તેઓના પતિ તથા તેઓના દિકરા દલસુખભાઈ તથા તેઓની દિકરી ટીનાબેન તથા દિકરો ભુપતભાઈ તથા તેમની પત્ની ક્રિષ્નાબેન વિગેરે કુટુંબના માણસો સાથે કલોલ કપડા તેમજ કરીયાવર લેવાનું હોય તેઓ દલસુખભાઈના સસરા કનુભાઈ તથા તેમના કુટુંબના માણસોને જાણ કરેલી તેથી તેમની પત્ની કમુબેન આવેલ તથા બધા ભેગા થયેલા અને જે તે સમયે આ દલસુખભાઈ અને તેમના પત્નીને તેઓના દિકરાની વહુ ટીનાબેન સાથે થોડી બોલાચાલી થયેલ અને ત્યારબાદ તેઓના વેવાઈ કનુભાઈ અને તેમના દિકરાઓએ પણ તેઓના પતિ ગાડી લઈ જતા હોય તેઓને રસ્તામાં રોકી તેમની સાથે પણ કોટૌંબિક બોલાચાલી થયેલ. જે તે સમયે બોલાચાલી થયેલ હોવાથી અને તેઓના પતિને બોલાચાલી દરમ્યાન શરીરનું બેલેન્સ ગુમાવતા પડી જવાથી ઈજા થયેલ અને આવેશમાં આવી ફરીયાદ આપેલ જે તે સમયે સામાન્ય બોલાચાલી સિવાય કાંઈ બનેલ નહી તેઓના પતિને ગત તા.૨૬/૧૧/૨૫ ના રોજ અવસાન થયેલ છે. જે અંગેની મુકિતધામ ગાંધીનગર દવારા તેઓના અંતિમ સંસ્કાર કર્યા બાબતની પહોંચની નકલ આપેલ છે જે રજુ દા.આંક–૧૪ આપવામાં આવે છે તથા તેઓના આધારકાર્ડની નકલ જે રજુ દા.આંક–૧૫ આપવામાં આવે છે

તથા ફરીયાદની નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓના પતિની સહી છે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દા.આંક–૧૬ આપવામાં આવે છે તથા હાલના કેસમાં તેઓને તથા અન્ય સભ્યોને આરોપીઓ એક જ કુટુંબના હોય ઘર મેળ સમાધાન થઈ ગયેલ છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પં ચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો ની ઇન્કારી કરતા જણાવેલ છે કે, "તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે તેઓ બધા ભેગા થયેલા અને તેઓના વેવાઈ તથા વેવાણ દુર જતા રહેલ અને તેઓના દિકરા દલસુખની વહુ ટીનાબેનને લાફો મારેલ અને તેઓની ગાડીનો પીછો કરી શેરથા ટોલટેક્ષ નજીક પહોંચતા તેઓની ગાડીને ઓવરટેક કરી ઉભી રખાવી તેઓના પતિ છનાભાઈને તેઓના વેવાઈ કનુભાઈ તથા દિકરાઓએ તેમની ગાડીમાંથી ઉતરી તેઓના પતિને કહેલ કે તુ તારી ગાડીમાંથી નીચે ઉતર અને કહેલ કે તેઓની ભાણીનું કરીયાવર ઓરવા કેમ મોડુ કહેવડાવેલ એમ કહી તેઓના પતિને જેમ ફાવે તેમ કહી ગાળો બોલવા લાગેલ અને શૈલેષભાઈએ તેઓના પતિના માથાના ભાગે લાકડી મારેલ તેમજ રમેશભાઈએ તેઓના પતિને ડાબા પગે ઘુંટણના ભાગે લાકડી મારેલ અને વિષ્ણુભાઈએ તેઓના પતિને લાકડીથી શરીરે માર મારેલ અને જતા જતા તેઓને કહેવા લાગેલ કે તેઓ તેઓની ભાણીના લગ્ન કેવી રીતે કરાવો છો તે તેઓ જોઈ લેશે તથા તેઓના કુટું બીજનોને મારી નાંખવાની ધમકી આપેલ અને તેઓના પતિને વાગેલ હોય ટોલટેક્ષની એમ્બયુલન્સમાં કલોલ સારવાર માટે લઈ ગયેલ તથા પોલીસ

ે તેઓના લખાવ્યા મુજબનું નિવેદન લખેલ હોવા છતાં આરોપીઓ એક જ કુટુંબના હોય તેઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,બનાવ સમયે ઘણુ ટોળુ ભેગુ થઈ ગયેલું તથા કુટુંબનો પ્રસંગ હોય કોઈના હાથમાં હથિયાર ન હતું. કોઇએ તેઓને કે તેઓના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તથા ઉશ્કેરાટમાં ફરીયાદ આપેલ છે.

૮. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૭ થી સાહેદ તરીકે ટીનાબેન દલસુખભાઈ વાસફોડીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આજથી આશરે ૧૩ વર્ષ અગાઉ ૨૦૧૪માં તેઓની દિકરી કિરણબેનના લગ્ન કરવાના હોય તેઓ તથા તેઓના કુટુંબના માણસો તેમા તેઓ તથા તેઓના પતિ તથા તેઓના સાસુ લસીબેન તથા તેઓના દિયર ભુપતભાઈ તથા તેઓની પત્ની ક્રિષ્નાબેન વિગેરે કુટુંબના માણસો સાથે કલોલ મુકામે કપડા તેમજ કરીયાવર લેવાનું હોય તેઓની સાસરીવાળાએ તેઓના પિયર પક્ષના લોકો એટલ ે કે તેઓના પિતા કનુભાઈ તથા તેમના કુટુંબના માણસોને જાણ કરેલી તેથી લગ્નનો સામાન વ્હોરવા માટે તેઓના માતાપિતા આવેલ તથા બધા ભેગા થયેલા અને જે તે સમયે તેઓને થોડી બોલાચાલી થયેલ અને તેઓના પિતા કનુભાઈ અને તેઓના ભાઈઓએ તેઓના પતિ ગાડી લઈ જતા હોય તેઓને રસ્તામાં રોકી તેમની સાથે પણ કોટૌબિંક બોલાચાલી થયેલ જે તે સમયે બોલાચાલી થયેલ હોવાથી અને તેઓના સસરાને બોલાચાલી દરમ્યાન શરીરનું બેલેન્સ ગુમાવતા પડી જવાથી ઈજા થયેલ અને આવેશમાં આવી તેઓના સસરાએ ફરીયાદ આપેલ

તે સિવાય બીજુ કાંઈ બનેલ ન હતું.હાલના કેસમાં તેઓને સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવા માંગતા ન હોય કેસ પુરો કરવા માંગે છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચ–સાહેદની ફરીયાદ પક્ષ દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ અને પંચ સાહેદને પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલ પરંતુ સાહેદે પુછાયેલ તમામ વીગતો ની ઇન્કારી કરતા જણાવેલ છેકે, "તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે તેઓ બધા ભેગા થયેલા અને તેઓના બા કનુબેને તેઓને લાફો મારી દીધેલ અને તેઓની ગાડીનો પીછો કરી શેરથા ટોલટેક્ષ નજીક પહોંચતા તેઓની ગાડીને ઓવરટેક કરી ઉભી રખાવી તેઓના સસરા છનાભાઈને તેઓના પિતા કનુભાઈ તથા તેઓના ભાઈઓ તેમની ગાડીમાંથી ઉતરી તેઓના પતિને કહેલ કે તુ તારી ગાડીમાંથી નીચે ઉતર અને કહેલ કે તેઓની દિકરીનું કરીયાવર ઓરવા કેમ મોડુ કહેવડાવેલ એમ કહી તેઓના સસરાને જેમ ફાવે તેમ કહી ગાળો બોલવા લાગેલ અને તેઓના ભાઈ શૈલ ેષભાઈએ તેઓના સસરાના માથાના ભાગે લાકડી મારેલ તેમજ તેઓના ભાઈ રમેશભાઈએ તેઓના સસરાને ડાબા પગે લાકડી મારેલ અને તેઓના ભાઈ વિષ્ણુભાઈએ તેઓના સસરાને લાકડીથી શરીરે માર મારેલ અને જતા જતા તેઓને કહેવા લાગેલ કે તેઓ તેઓની દિકરીના લગ્ન કેવી રીતે કરાવો છો તે તેઓ જોઈ લેશે તથા તેઓના કુટુંબીજનોને મારી નાંખવાની ધમકી આપેલ અને તેઓના સસરાને વાગેલ હોય ટોલટેક્ષની એમ્બયુલન્સમાં કલોલ સારવાર માટે લઈ ગયેલ તથા પોલીસે તેઓના લખાવ્યા મુજબનું નિવેદન લખેલ હોવા છતાં આરોપીઓ એક જ કુટુંબના હોય તેઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય

તેઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,બનાવ સ્થળે ઘણું ટોળું ભેગુ થઈ ગયેલું. કુટુંબનો પ્રસંગ હોય કોઈના હાથમાં હથિયાર ન હતું. કોઈએ તેઓને કે તેઓના સસરાને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહી તથા ઉશ્કેરાટમાં તેઓના સસરાએ ફરીયાદ આપેલી.

૯. આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે.ભારતીય ન્યાયતંત્રમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા દવારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે, દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારિત છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને કલમ–૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પડે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ," સાબિતીનો બોજો જે એમ ઇચ્છતો હોય તે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ હક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે." ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૨ મુજબ,"બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે." સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત

કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૦)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવમાં ભોગ બનનાર આંક–૧૩ થી ફરીયાદી ના પત્ની ની જુબાની જોવામા આવે તો, આ કામે ફરીયાદી અવસાન પામેલ હોવાનુ જાહેર થયેલ છે. આ કામે તેમના પત્ની તે સાહેદ લસીબેન નાઓની જુબાનીનું મુલ્યાંકન કરતાં તેઓએ તેમની સરતપાસમાં આરોપીઓએ જોડે માત્ર કૌટુંબીક બોલાચાલી થયાની હકીકતો જણાવેલી છે. અને સ્વીકરોલ છેકે, આ કામે ફરીયાદી જાતે પડી જતા તેમને ઈજા થયેલી અને આ કામના આરોપીઓએ તેઓ તમામને માર મારેલ હોય કે હથિયાર વડે મારેલ હોય કે બિભત્સ ગાળો આપેલી હોય તેવો લેશમાત્ર પુરાવો આપતા નથી અને ઉલટ બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને ઘણા માણસો ભેગા થઈ જતાં ધકકામુકકીમાં પડી જવાથી તમામને ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલી છે અને ઉશ્કેરાટમાં આવીને ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે તથા ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે તે સંજોગોમાં આ સાહેદની જુબાની થકી  આરોપીઓ ને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી. વળી, આ કામે બનાવના મહત્વના સાહેદઆંક– ૧૭ થી ટીના બેનની જુબાની જોતાં તેઓએ પણ ફરીયાદીની ફરીયાદ કે ફરીયાદીની જુબાની ને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા હોય તેઓની જુબાની પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતી ન હોવાનું માનવું છે. વધુમાં, ચાલુ પુરાવા

દરમીયાન ફરીયાદી અને આરોપી વચ્ચે રાજીપો (સમાધાન)થઈ ગયેલ હોય આરોપી વિરુધ્ધ કોઈ જ પુરાવો આપવા માંગતા ન હોવાનું માનવા પુરતું કારણ રહે છે ત્યારે આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે સાંયોગિક પુરાવો રજુ થયો છે તે પણ આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે " Sh.Satish mehra V/S Delhi Administration & Anr on 31 july,1996 '' ના ચુકાદામાં કરેલ ઓબ્જર્વેશન ધ્યાને લઈએ તો, :–

" When the judge is fairly certain that is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date. We are under heavy pressure of work-load.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના સદર ચુકાદામા ઠરાવેલ સીધ્ધાતો મુજબ હાલના કેસમાં પણ બનાવના મહત્વના સાહેદ એવા ફરીયાદીના પત્ની તથા પુત્રવધુ એ ફરીયાદ પક્ષના કેસ ને કોઈ સમર્થન આપ્યુ ન હોઈ અને તેમના મૌખિક પુરાવાઓનુ મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓને તેમની ઉપરના આક્ષેપિત ગુન્હા મુજબ કોઈપણ સંજોગોમાં કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોઈ તેમજ ચાલુ પુરાવા દરમીયાન પક્ષકારો સંબંધમા એક બીજા ના વેવાઈ હોય, ઘરમેળે તેમના વચ્ચે સમાધાન થયેલો હોય ત્યારે બાકીના સાહેદો કે જેમનો પુરાવો માત્ર સમર્થનાત્મક મુલ્ય ધરાવે છે અને મુખ્ય પુરાવાની ગેરહાજરીમાં માત્ર સમર્થનાત્મક મુલ્ય ધરાવતા પુરાવા ઉપર આધાર રાખીને પણ હાલના આરોપીને કોઈપણ સંજોગોમાં કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોઈ અત્રેની

અદાલતમા રહેલા કેસોનુ ભારણ ધ્યાને લઈ તેમજ ના.કોર્ટનો તેમજ પક્ષકારોનો કિંમતી સમયનો વ્યય અટકાવવા ફરીયાદ પક્ષના અન્ય સાહેદો ને હાલના કેસમાં તપાસવામાં આવ્યા નથી.

વિશેષમાં સદર કામે પંચનામા તથા મેડીકલ સર્ટી તથા જાહેરનામાને બચાવ પક્ષ તર્ફે કબુલ કરવામાં આવેલ છે જે રજુ કરવામા આવેલ છે.પુરાવાના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર પંચનામા તથા મેડીકલ સર્ટી, જાહેરનામાને substantial piece of evidence તરીકે ગણી શકાય નહી અને તેનો ઉપયોગ માત્ર સમર્થનાત્મક પુરાવા તરીકે કરી શકાય. હાલના કેસમાં જયારે બનાવના મહત્વના સાહેદો તેઓની જુબાનીથી આરોપી વિરૂધ્ધનુ કોઈ ગુનાહિત કૃત્ય પુરવાર કરી શકેલ નથી. જેથી સદર દસ્તાવેજ બચાવ પક્ષ તર્ફે કબુલ કરવામાં આવ્યા હોવા માત્રથી આરોપીએ આક્ષેપીત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશયોકિતભર્યુ તેમજ કાયદા વિરૂધ્ધનુ તથા ભારતીય પુરાવા અધીનીયમના પ્રસ્થાપિત સીધ્ધાંત વિરૂધ્ધનુ ગણાશે તેમ માનવાને કારણ છે.

**(૧૧)** આ કામે ઉપરોકત કરેલ તમામ ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરી શકેલ ન હોય, હાલના કામના આરોપી સામેના ગુનાઓ નિઃશકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧**). આ કામ ના આરોપીઓ તે આરોપી નંબર ૧ કનુભાઈ અમથાભાઈ સલાટ તથા આરોપી નંબર ૨ શૈલૈષભાઈ કનુભાઈ સલાટ તથા આરોપી નંબર ૩ વીષ્ણુભાઈ કાંતીભાઈ સલાટ તથા આરોપી નંબર ૪ રમેશભાઈ ચંદુભાઈ સલાટ તે તમામ રહેવાસી સુરજગામ લક્ષ્મીપુરા, તા

કડી, જી. મહેસાણા વાળાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ :૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨).** આ આરોપી ઓ એ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭ ( **એ** ) મુજબ અપીલના કામે અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતા છ માસની સમય મર્યાદા માટેના રૂા.૫,૦૦૦/– નો જામીન અને તેટલી જ રકમના મુચરકા રજુ કરવા.

**૩)** મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અપીલ સમય વિત્યે નિયમોનુસાર નિકાલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા જાહેર કરવામા આવયો.

| | |
|---|---|
| ગાંધીનગર<br>તા.૧૮/૦૩/૨૦૨૬ | (એફ.એન.સોલંકી)<br>ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>ગાંધીનગર |

**–: ચુકાદાનું પરિશિષ્ટ :–**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષી**

**અ.ફરીયાદપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ ક્રમાંક ૧ | ભીખાભાઈ મંગળદાસ વ્યાસ | સાહેદ |
| ફરીયાદપક્ષે સાહેદ ક્રમાંક ૨ | લસીબેન વા/ઓ છનાભાઈ દેસાઈ | પંચ સાહેદ |
| ફરીયાદપક્ષે સાહેદ ક્રમાંક ૩ | ટીનાબેન વા/ઓ દલસુખભાઈ ચનાભાઈ વ્યાસ | ત.ક અધિકારી |

**બ.બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાંક ૧ | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી | –– |

**ક.અદાલત દ્વારા**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાંક ૧ | અદાલત દ્વારા કોઈ સાહેદ તપાસેલ નથી | –– |

**ફરીયાદી / બચાવ / અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી**

**અ.ફરીયાદી**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૧૪ | અંતિમ સંસ્કાર કર્યાની પહોંચ |
| ૩ | ૧૨ | સમાધાન પુરસીશ |
| ૪ | ૧૫ | આધારકાર્ડની નકલ |
| ૫ | ૧૬ | ફરીયાદ |
| ૬ | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૭ | ૨૩ | ક્લોઝીગ પુરશીશ |

**બ.બચાવ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી | – |

**<u>ક.ન્યાયલય</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી | – |

**<u>ડ.ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ——— | ———— |

| | |
|---|---|
| ગાંધીનગર<br>તા. ૧૮/૦૩/૨૦૨૬ | (એફ.એન.સોલંકી)<br>ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.<br>ગાંધીનગર |